૭૩

આદર્શ નિવાસી શાળા(અગરીયા), કન્યા, સુરેન્દ્રનગર માટે મકાન ભાડે રાખવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૧૨/૨૦૧૯

## વંચાણમાં લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૫/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/આનિશા/સકુછા/૨૦૧૯-૨૦/૧૯૬૨-૧૯૬૩

## પ્રસ્તાવના:-

આ વિભગનાં વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(અગરીયા), કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયાર, ૭, શ્રધ્ધા સોસાયટી, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગરનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દશ હજાર પૂરા) અથવા માર્ગ અને મકાન વિભાગ નક્કી કરે તે પૈકી જે ઓછું હોય તે પ્રમાણે મકાનનો કબજો લેવામાં આવે તે તારીખથી એક વર્ષ માટે ભાડે રાખવાની શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ હતી. સદરહુ મકાનના કબજાની મુદત તા.૩૧/૧૨/૨૦૧૯ના રોજ પૂર્ણ થતી હોવાથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ વંચાણે લીધેલ ક્રમાંક:(૨)ના તા.૦૫/૧૦/૨૦૧૯ના પત્રથી શ્રી રાણુભા જી. પઢિયારની માલિકીનું મકાન વધુ એક વર્ષ માટે માસિક રૂ.૧,૧૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ દસ હજાર પૂરા) અથવા સરકારી મકાન ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ચાલુ રાખવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા(અગરિયા), કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયારની માલિકીનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પૂરા) લેખે વધુ એક વર્ષ (તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી) માટે ભાડે રાખવાની આથી નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તમામ સંડાસ/બાથરૂમ કાર્યરત તથા સ્વચ્છ રાખવાની તથા મેઇન્ટેનન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૪) મકાન માલિકે વીજળી પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) આ મકાન ભાડે રાખ્યા બાદ એક(૧) વર્ષમાં આ છાત્રાલય માટે સરકારી મકાન બનાવવા માટે જમીન મેળવવાની માંગની કલેક્ટરશ્રી સમક્ષ કરી જમીન સંપાદન કરવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે

(૮) આ મકાનનો મકાન વેરો(સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલિકા) મકાન માલિકે ભરવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯/૧૧/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અનુસાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, જિ.ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સુરેન્દ્રનગર
- નાયબ નિયામકશ્રી(વિ.જા.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર (નિયામકશ્રી (વિ.જા.ક.) મારફત)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, જિ.ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ